
ચોથો દિવસ



જયંતભાઈએ નકારમાં માથું ધુણાવ્યું.“શું ના? ઘરે નથી જવું?” મયંકે પૂછ્યું. જયંતભાઈએ તરત જ આંખો ખોલી. એ બોલ્યા, “ઘરે જવું છે પણ ટી.વી. નથી જોવું

“સમય... શું... થયો?” જયંતભાઈના છૂટાછવાયા શબ્દો દીવાલમાં, બારીના બંધ પરદામાં, ડૉક્ટરની ફાઇલમાં, દવાથી ભરેલી ટ્રેમાં, ‘બીપ-બીપ’અવાજ કરતા મશીનમાં અને બાજુના સોફા પર બેઠેલા મયંકના કાનમાં પણ અથડાયા. મયંકે ફટાફટ મોબાઈલ બંધ કર્યો અને જયંતભાઈના પલંગની નજીક ઊભો રહી ગયો. મયંકની લંબાઈને લીધે જયંતભાઈથી વધુ સમય એના ચહેરા તરફ ન જોઈ શકાયું. એની કાળી દાઢી અને સોનેરી ચશ્માં વચ્ચે રહેલો જાણીતો નાકનકશો જયંતભાઈને ધૂંધળો દેખાતો હતો. એમણે ધ્રૂજતા હાથે નાકમાં રહેલી ઑક્સિજન પાઈપ તપાસી અને આંખો બંધ કરી દીધી.

“સાડા છ વાગ્યા છે, દાદા!”

“સવારના?”

“અરે ના દાદા, સાંજના.”

જયંતભાઈએ આંખો ખોલીને નજર ઊંચી કરી. મયંક હસતો હતો. જયંતભાઈને લાગ્યું કે જાણે પોતે જ હસે છે. એ પણ મોં ખોલીને હસ્યા. દાંતની ગેરહાજરી એ હાસ્યને ફિક્કું બનાવતી હતી. એમના ચહેરાની કરચલીઓએ ભાત બદલી. એમની ઊંડી ઊતરી ગયેલી આંખો મયંક સામે સ્થિર હતી. “પાણી પીવું છે દાદા?” મયંકે પૂછ્યું. “ના. ઘરે જવું છે.”કહીને જાણે મયંકને વિચાર કરવા માટે સમય આપતા હોય એમ જયંતભાઈએ આંખો બંધ કરી.

“આજે રાત્રે ડૉક્ટર રાઉન્ડ પર આવશે ત્યારે હું એને કહીશ કે હવે અમને રજા આપો. પછી હું ને દાદા સાથે બેસીને ઘરના ટી.વી. માં ઇન્ડિયાની મેચ જોઈશું....હેં ને દાદા?” મયંક મોટા અવાજે બોલ્યો.

જયંતભાઈએ નકારમાં માથું ધુણાવ્યું.

“શું ના? ઘરે નથી જવું?”

જયંતભાઈએ તરત જ આંખો ખોલી. એમના ટૂંકા શ્વાસની ગતિ થોડી વધી ગઈ. એ બોલ્યા “ઘરે જવું છે પણ ટી.વી. નથી જોવું.”

મશીનમાં ‘બીપ-બીપ’અવાજના આંદોલન થોડા તીવ્ર થયા. મયંક થોડી વાર એ મશીનના સ્ક્રીન પર આંકડા જોતો રહ્યો. પછી બોલ્યો

“હા દાદા. ટી.વી. નથી જોવું... બસ અને આજે રાતે ઘરે જતાં રહીશું એ પણ ફાઇનલ.”

“ટી.વી. હવે નથી ગમતું. આ એ.સી. પણ નથી ગમતું. એને બંધ કર.”

મયંકે રિમોટથી એ.સી. બંધ કર્યું. એ સોફા પર બેસી ગયો. જયંતભાઈએ ફરી આંખો બંધ કરી દીધી. મયંક પોતાના મોબાઈલમાં ખોવાયો. એ કંઈક ટાઈપ કરી રહ્યો હતો. એને કોઈનો ફોન આવ્યો. એણે વાત કરી. “અરે યાર, હું મારા દાદા પાસે છું હૉસ્પિટલમાં....ના... આજે જીમમાં નહીં આવી શકાય... હા...કાલે જો ઈશ...બાકી રાતે સોસાયટીમાં મળીએ. ચાલ બાય.”

ભરત મારૂ

મયંકનો અવાજ સાંભળીને જયંતભાઈએ સોફા તરફ જોયું. એમણે પૂછ્યું

“તારો બાપ ક્યાં છે?”

“એ આઠેક વાગ્યે આવશે. એમને એક અરજન્ટ મીટિંગ હતી તે. તમને બપોરે કહીને જ તો ગયા છે. તમે ભૂલી ગયા?”

“ડૉક્ટર! હવે ફેફસાં કેટલા ટકા બાકી રહ્યાં?” જયંતભાઈએ પૂછ્યું “ચિંતા ન કરો દાદા! ફેફસાં હજુ ઘણાં સલામત છે.” ડૉક્ટર ઊંચા અવાજે બોલીને હસ્યા, “તો આજે રજા આપી દો. મને ઘર યાદ આવ્યું છે. અહીં હોસ્પિટલમાં આજે ચોથો દિવસ થઈ ગયો.”

“હેં?....હા.”કહીને થોડી વાર પછી ફરી બોલ્યા

“તારી મમ્મીને ફોન કરીને કહી દે કે સાંજે અમે ઘરે આવી જઈશું. દાદા માટે પુરણપોળી બનાવજે.”

“હા દાદા. હમણાં જ કહી દઉં.”કહીને મયંકે ફોન કાન પર ધર્યો. એની નજર જયંતભાઈ તરફ હતી. એ ધીમેથી બોલ્યો

“અરે મમ્મી સાંભળ! દાદા તો ઘરે આવવાનું કહે છે. તું સાંજે પપ્પા સાથે આવ ત્યારે એમને સમજાવજે અને હા, એમને પુરણપોળી ખાવી છે. તો ટિફિનમાં લેતી આવજે.”

ફોન બાજુ પર મૂકીને મયંક કંઈક વિચારમાં ખોવાયો. અચાનક એ ઊભો થયો અને એણે બારીનો પરદો ખોલ્યો. સૂર્ય પશ્ચિમ દિશા તરફ નીચે ઊતરી રહ્યો હતો. એનો તાપ હવે ઓસરી ગયો હતો. તાપી નદીને સામે કિનારે આવેલા બિલ્ડિંગના પડછાયા હવે એનાથી પણ લાંબા દેખાતા હતા. ગરમીની અસર ઓછી થતાં રસ્તાઓ પર વાહનોની અવરજવર વધી હતી. નદી તો જાણે શરીરની કોઈ નસ સંકોચાઈ ગઈ હોય એવી દેખાતી હતી. બધી જ ગ્યા એ થી ફરીને મયંકની નજર એક જૂની બિલ્ડિંગ પર સ્થિર થઈ. એ મોટેથી બોલ્યો

“જુઓ દાદા! તમારી પહેલી ઑફિસ પેલા બિલ્ડિંગમાં જ હતી ને?” જયંતભાઈ કંઈક બોલ્યા. મયંકને સંભળાયું નહીં એટલે એણે પૂછ્યું

“શું કહો છો?”

“ચશ્માં.”

મયંકે સાઈડ ટેબલ પરથી ચશ્માં લઈને જયંતભાઈને પહેરાવ્યા અને ફરી સોફા પર ગોઠવાયો. જયંતભાઈ બારી બહાર જોવા લાગ્યા. એમણે ઘણે દૂર સુધી જોવાનો પ્રયત્ન કર્યો. એમની ઊંડી આંખો ઝીણી થઈ. મોબાઈલમાં ખોવાયેલા મયંકને ખબર ન હતી કે દાદાની નજર સામેથી કેટલો સમય પસાર થઈ ગયો છે. “પહેલાં ભાડા પર રાખી હતી ઑફિસ. પછી મહેનત કરીને કમાયો એટલે ખરીદી લીધી હતી.

તારો બાપ ત્યારે તારાથી પણ ના નો હતો. તારી દાદી....”જયંતભાઈ અટકી ગયા. એને હાંફ ચડી ગયો. એમને સતત ઉધરસ આવી રહી હતી. ⇨









